દસ્તાવેજ રજીસ્ટ્રેશન નંબર : ૧૭૪૩૩ / ૨૦૧૭

દસ્તાવેજ રજીસ્ટ્રેશન તારીખ : ૨૭/૭/૨૦૧૭

## -:: મીલકતની વિગત ::-

સુરત જીલ્લાના, કતારગામ તાલુકાના મોજે ગામ: ડભોલીના રે.સ.નં. ૭૦/૪ વાળી જુની શરતની સુમારે ૨૩૨૭ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન. જેને લાગું **ટી.પી. સ્કીમ નં. ૫૧ (ડભોલી)** ના **ઓ.પી. નં. ૮૨** ફા. પ્લોટ નં. ૮૨ વાળી સુમારે **૧૬૨૪ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની ખુલ્લી જમીનનો વેચાણ દસ્તાવેજ.

# -:: વેચાણ દસ્તાવેજ ::-

-:: વેચાણ રાખનાર યાને પહેલા પક્ષના ::-

રૂદ્રા કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી...

-:: વેચાણ આપનારા યાને બીજા પક્ષનાઓ ::-

રજનીભાઇ દેવરાજભાઇ પટેલ વિગેરે


★ એડવોકેટ્સ ★

મનોજ એચ. પટેલ — પ્રકાશ એમ. પટેલ

ઓફીસ:- ૨૦૮-૨૦૯, ૨૧૦ ઓમ શોપી,પ્રાઇમ આર્કેડની સામે,
આનંદ મહલ રોડ, ન્યુ રાંદેર રોડ, સુરત.
ફોન નં. ૯૮૨૫૬-૭૪૭૪૦


ૐ શ્રી સાંઇ ૐ

રજીસ્ટ્રેશન પહોંચ

પહોંચ નંબર: ૨૦૧૭૦૨૧૦૭૧૧૨૧ દસ્તાવેજ નંબર: ૧૩૪૬૬ દસ્તાવેજ વર્ષ: ૨૦૧૭

તા ૨૭ માહે જુલાઈ સને: ૨૦૧૭

અવેજ Rs ૨૪૨૧૦૦૦૦.૦૦

દસ્તાવેજનો પ્રકાર માલિકી ફેરબદલ/વેચાણ

રજુ કરનારનું નામ રજનીભાઈ દેવરાજભાઈ પટેલ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૨૪૨૧૦૦ |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | ૫૦૦ |
| સારાની નકલ કરવા માટે ફી | |
| રૂપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭) | ૦ |
| શોધ અગર તપાસણી | |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૮૦) | ૦ |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૨૪૨૬૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે લાખ બેતાલીસ હજાર છસો પુરા.

દસ્તાવેજ / નકલ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

ડાલીપાર્ક રોડ, અડાજણ ,સુરત

( K. P. Prajapati )

સબ રજીસ્ટ્રાર

SRT/4/KTG

અગર R.P Patel ને આપશો

રજુ કરનારની સહી

IGR-NIC(G) -6265347037578281967 ૨૭/૭/૨૦૧૭ 3:32:00 pm

અંકે રૂ. ૨૪૨,૬૦૦.૦૦

AXIS BANK VED ROAD BRANCH
D.D.NO 000542
DATE.25/07/2017
સબ રજીસ્ટ્રાર, SRT/4/KTG

અનુક્રમણિકા નંબર - ૨

સબ-રજીસ્ટ્રાર કચેરી

ગામનું નામ : ડભોલી

એસ આર ઓ - Katargam

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી<br>ફેરબદલ/વેચાણ<br><br>રૂ. ૨૪૨૧૦૦૦૦=૦૦ | રે. સર્વે નંબર 70/4,<br>ટી પી નંબર 51 (ડભોલી)<br>ઓ.પી. નંબર 82,<br>ફા.પ્લોટ નંબર 82 વાળી સુમારે 1624<br>ચો.મી બીનખેતીની ખુલ્લી જમીન | | | રજનીભાઇ દેવરાજભાઇ પટેલ<br>મનીષ કાન્તીલાલ શાહ<br>હરેશભાઇ ભવાનભાઇ ગોટી<br>સમીર ગણેશભાઇ પટેલ<br>લક્ષ્મણભાઇ વાલજીભાઇ વસાણી | રૂષભ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદારો 1 બીપીનભાઇ જશમતભાઇ કેવડીયા<br>2 અમીતાબેન બીપીનભાઇ કેવડીયા<br>3 દશરથભાઇ રાઘવભાઇ કેવડીયા<br>4 દક્ષાબેન દશરથભાઇ કેવડીયા<br>5 તારકભાઇ અશોકભાઇ સલીયા<br>6 અશોકભાઇ ગણેશભાઇ સલીયા<br>7 જીતેન્દ્રભાઇ લાભુભાઇ જસાણી<br>8 કેતનભાઇ નરેશભાઇ પટેલ | ૨૩/૦૭/૨૦૧૭<br><br>૦૪/૦૮/૨૦૧૭ | ૧૭૬૬૬ | |

મુકાબલ કરનાર

ભરત સી પટેલ ની તારીખ : ૩૧/૦૭/૨૦૧૭ ના રોજની

ખરી નકલ

અરજી નંબર : ૨૨૮૯૧

પહોંચ નંબર : ૨૦૧૭૦૨૧૦૪૧૯૯૨

તારીખ : ૦૮/૦૮/૨૦૧૭

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - Katargam

સબ-રજીસ્ટ્રાર
એસ આર ઓ - Katargam

નોંધ: કોમ્પ્યુટર પ્રિન્ટમાં કોઈ પણ રીતે કરેલ સુધારો માન્ય ગણાશે નહી.

२

SRT - 4 - KTGM
TOKEN NO. 22
DATE

**INDIA NON JUDICIAL**

# Government of Gujarat

## Certificate of Stamp Duty

SRT/4/KTG
No 17466
1/50
2017

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ50581999256894P |
| Certificate Issued Date | : | 26-Jul-2017 12:36 PM |
| Account Reference | : | SHCIL (FI)/ gjshcil01/ ADAJAN/ GJ-SU |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJSHCIL01526339269906890P |
| Purchased by | : | RUDRA CORPORATION A PARTNERSHIP FIRM |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | MOJE DABHOLI,R.S.NO.70/4 T.P.51 F.P.82 OP-82 ADM ABOUT 1624 SQ.MTR N.A.OPEN LAND |
| Consideration Price (Rs.) | : | 2,42,10,000 (Two Crore Forty Two Lakh Ten Thousand only) |
| First Party | : | RUDRA CORPORATION A PARTNERSHIP FIRM |
| Second Party | : | RAJNIBHAI DEVRAJBHAI PATEL AND OTHERS |
| Stamp Duty Paid By | : | RUDRA CORPORATION A PARTNERSHIP FIRM |
| Stamp Duty Amount(Rs.) | : | 11,86,300 (Eleven Lakh Eighty Six Thousand Three Hundred only) |

SHCIL ADAJAN, SURAT

UP 0001059577

Statutory Alert:

1. The authenticity of this Stamp Certificate should be verified at "www.shcilestamp.com". Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.

SRT - 4 - KTGM
TOKEN NO 22
DATE

SRT/4/KTG
No 17466 2/6
2017



R.P. Patel

# ✧ વેચાણ દસ્તાવેજ ✧

## -: વેચાણ અવેજ રૂા. ૨,૪૨,૧૦,૦૦૦/- પુરાનો :-

સંવત : ૨૦૭૩ ના શ્રાવણ સુદ ચોથને વાર : ગુરૂવાર, તારીખ : ૨૭ મી, માહે : જુલાઇ, સને : ૨૦૧૭ ના અંગ્રેજી દિને.....

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

× Okavaadi

R.P. Patel

Amita Kevadiya

SRT/4/KTG

No 17466

2017

<u>આ જમીન વેચાણ અંગેનો વેચાણ દસ્તાવેજ લખાવી લેનારા યાને પહેલા પક્ષનાઓ :-</u>

<u>રૂદ્રા કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી...</u> (પી.એ. નં. AAVFR 5716 P )

ઠેકાણુ :- એફ.પી.નં.૮૨, ટી.પી.નં.૫૧, ડભોલી, કતારગામ, સુરતના તરફે તેના ભાગીદારો...

(૧) બીપીનભાઇ જશમતભાઇ કેવડીયા,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૩૩, ધંધોઃ વેપાર,
રહેવાસી : ૧૪,ગુંજન પાર્ક,રોયલ પાર્ક,કતારગામ,સુરત.

(૨) અમીતાબેન બીપીનભાઇ કેવડીયા,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૩૧, ધંધોઃ વેપાર,
રહેવાસી : એજનના.

(૩) દશરથભાઇ રાઘવભાઇ કેવડીયા,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૩૫, ધંધોઃ વેપાર,
રહેવાસી : ૩૦૨, હર્ષ કોમ્પ્લેક્ષ, લુહાર ફળીયું, કતારગામ, સુરત.

(૪) દક્ષાબેન દશરથભાઇ કેવડીયા,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૩૭, ધંધોઃ વેપાર,
રહેવાસી : એજનના.

(૫) તારકભાઇ અશોકભાઇ સલીયા,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૨૧, ધંધોઃ વેપાર,
રહેવાસી : ૧૨૩-૧૨૪, ગોપીનાથ સોસાયટી-૨, કંટારેશ્વર મહાદેવની સામે, કતારગામ, સુરત.

(૬) અશોકભાઇ ગણેશભાઇ સલીયા,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૪૪, ધંધોઃ વેપાર,
રહેવાસી : એજનના.

(૭) જીતેન્દ્રભાઇ લાભુભાઇ જસાણી,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૩૬, ધંધોઃ વેપાર,
રહેવાસી : ૫૬, પટેલપાર્ક સોસાયટી, પટેલ સમાજની વાડી પાસે, કંટારેશ્વર મહાદેવ રોડ, કતારગામ, સુરત.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનુ નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ७०/४ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

X Amita Kevadiya

R.P Patel

SRT/4/KTG
17466
2017

(૮) કેતનભાઇ નરેશભાઇ પટેલ,
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૩૩, ધંધો: વેપાર,
રહેવાસી : ૧૪, ગુંજનપાર્ક સોસાયટી, જાગીરની વાડી પાસે, આંબાતલાવડી, કતારગામ, સુરત.

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"પહેલા પક્ષનાઓ"** અગર **"તમો"** તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓને સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં પહેલા પક્ષના પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એક્ઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

જોગ લી...

<u>આ જમીન વેચાણ અંગેનો વેચાણ દસ્તાવેજ લખી આપનારાઓ યાને બીજા પક્ષનાઓ:-</u>

(૧) રજનીભાઇ દેવરાજભાઇ પટેલ, **(પી.એ. નં. AGVPP 3478 Q)**
જાતના : હિન્દુ, ઉ.આ.વ.: ૪૨, ધંધો: ખેતી-વેપાર,
રહેવાસી : ૩૦૩, મીતદર્શન એપાર્ટમેન્ટ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત.

(૨) મનીષ કાંતીલાલ શાહ, **(પી.એ. નં. ACIPS 3356 D)**
ઉ.આ.વ. : ૪૩, ધંધો : વેપાર,
રહેવાસી : ૪૧, શાંતિપેલેસ, નવયુગ કોલેજની પાછળ, રાંદેર રોડ, સુરત.

(૩) હરેશભાઇ ભવાનભાઇ ગોટી, **(પી.એ. નં. AEQPG 6291 P)**
ઉ.આ.વ. : ૪૧, ધંધો : વેપાર,
રહેવાસી :૩૦૩, વિણાનીકેતન એપાર્ટમેન્ટ, દેવીદાસલેન, બોરીવલી(વેસ્ટ), મુંબઇ.

(૪) સમીર ગણેશભાઇ પટેલ, **(પી.એ. નં. ABNPP 0813 A)**
ઉ.આ.વ. : ૩૬, ધંધો : વેપાર,
રહેવાસી : ૧૦૮, સ્નેહસ્મૃતી સોસાયટી, અડાજણ પાટીયા, સુરત.

(૫) લક્ષ્મણભાઇ વાલજીભાઇ વસાણી, **(પી.એ. નં. AFNPV 6572 L)**
ઉ.આ.વ.: ૩૮, ધંધો : વેપાર,
રહેવાસી : એ/૧૭૬, વૈકુંઠધામ સોસાયટી, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, કતારગામ, સુરત.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

Kavaadi

R.D. Patel

Amita Kevadiya

SRT/4/KTG
№ 17466 / 50
2017

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " **બીજા પક્ષનાઓ** " અગર " અમો " તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં બીજા પક્ષનાઓ પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સક્સેસર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

જત આજરોજ અમો વેચાણ આપનારાઓ તમો વેચાણ લેનારાઓને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :-

સુરત જીલ્લાના, કતારગામ તાલુકાના મોજે **ગામઃ ડભોલીના રે.સ.નં. ૭૦/૪** વાળી જુની શરતની સુમારે **૨૩૨૭ ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી જમીન. જેને લાગું **ટી.પી. સ્કીમ નં. ૫૧ (ડભોલી)** ના **ઓ.પી. નં. ૮૨ ફા. પ્લોટ નં. ૮૨** વાળી સુમારે **૧૬૨૪ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની ખુલ્લી જમીન. જેને લાગતા વળગતા અંદરના તથા બહારના તેમજ આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક, અધિકાર સહિતની બીનખેતીની જમીન. (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહુ બીનખેતીની જમીન"** તરીકે સંબોધવામાં આવેલ છે.) સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓની સંપુર્ણ માલિકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી છે. તેમજ ગામના નમુના નં. ૭/૧૨ માં પણ અમો બીજા પક્ષનાઓના નામો માલિકી હકકે ચાલી આવેલ છે.

સુરત જીલ્લાના કતારગામ તાલુકાના મોજે **ગામઃ ડભોલીના રે.સ.નં. ૭૦/૪** વાળી જમીન નારણભાઇ નાથુભાઇની માલીકીની ચાલી આવેલી. જેઓ તા. ૨૫/૪/૧૯૩૧ નાં રોજ ગુજરી જવાથી તેમનાં સીધીલીટીનાં વારસદાર તરીકે ભીખીબેન તે નારણભાઇ નાથુભાઇની વિધવાનું નામ વારસાઇ હકકે ગામ દફતરે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૬૩** થી તા. ૧૫/૧૨/૧૯૩૧ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ નામદાર સરકારશ્રીનાં ઠરાવ નં. ૭૨૫૯/૨૪, તા. ૫/૧૦/૧૯૩૧ નાં દુરસ્તી પત્રક નં. ૨ પ્રમાણે દુરસ્તી કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૬૮** થી તા. ૨૫/૫/૧૯૩૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ નામદાર સરકારીશ્રીનો ઠરાવ નં.૫૮૬૯/૪૫૧૭ તા.૧૭/૫/૧૯૫૦થી તા.૧૮/૫/૧૯૫૦ નાં અસાધારણ ગેઝેટમાંથી તાલુકાનાં સ્ટાન્ડર્ડ એરીયા મુજબ ટુકડા ગણવામાં આવ્યાની નોંધ ગામ દફતરે પાડવામાં આવેલી. તે મુજબ સદર જમીનને ટુકડાની જમીન તરીકે જાહેર કરવામાં આવેલ.જે અંગેની નોંધ મોજે ગામ-ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૨૧૭** થી તા. ૨૨/૧૦/૧૯૫૦ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

Amita . Kevadiya

R P Patel

SRT/4/KTG
№ 17456
2017



ત્યારબાદ સદરહુ જમીનનાં ચાલી આવેલ ગણોતીયા બાઇ જીવી તે પરસોત્તમભાઇ રાણાભાઇની વિધવાનાં જમીન માલીક ભીખીબેન તે નારણભાઇ નાથુભાઇની વિધવાનાં સાસુ થતા હોવાથી મહે.મામલતદાર સાહેબનાં હુકમ નં. ટેનન્સી/કેસ/૩૨-ગ, તા. ૧૫/૭/૧૯૬૮ મુજબ ગણોતીયાનું નામ કમી કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં નોંધ નં. ૪૮૪ થી તા. ૩૦/૭/૧૯૬૮ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક ભીખીબેન તે નારણભાઇ નાથુભાઇની વિધવા સને ૧૯૭૧ ની સાલમાં ગુજરી ગયેલા. તેમજ તેમનો પુત્ર પરસોત્તમભાઇ નારણભાઇ સને ૧૯૬૫ ની સાલમાં, તેમજ તેમની વિધવા જીવીબેન તે પરસોત્તમભાઇ નારણભાઇની વિધવા પણ તા. ૭/૨/૧૯૮૯ નાં રોજ અવસાન પામેલ છે. જેઓનાં સીધીલીટીનાં વારસદારોમાં (૧) ગોવિંદભાઇ પરસોત્તમભાઇ, (૨) નગીનભાઇ પરસોત્તમભાઇ તા. ૧૪/૫/૧૯૯૭ નાં રોજ ગુજરી ગયેલા, જેનાં સીધીલીટીનાં વારસદારો (૨-૧) મીનાબેન નગીનભાઇ, (૨-૨) મણીબેન તે નગીનભાઇ પરસોત્તમભાઇની વિધવા, (૨-૩) નટવરભાઇ નગીનભાઇ પણ તા. ૨૨/૩/૧૯૮૮ નાં રોજ ગુજરી ગયેલા. જેના સીધીલીટીનાં વારસદારોમાં (૨-૩-૧) પદમાબેન તે નટવરભાઇ નગીનભાઇની વિધવા, (૨-૩-૨) સગીર ચેતનભાઇ નગીનભાઇ, (૨-૩-૩) બળવંતભાઇ નગીનભાઇ, (૨-૩-૪) મધુબેન નગીનભાઇ, (૨-૩-૫) ગુણવંતભાઇ નગીનભાઇ, (૨-૩-૬) કલ્પેશભાઇ નગીનભાઇ, (૨-૩-૭) દિનેશભાઇ નગીનભાઇ, (૩) રણછોડભાઇ પરસોત્તમભાઇ પણ સને ૧૯૭૫ ની સાલમાં ગુજરી ગયેલા. જેના સીધીલીટીનાં વારસદારો (૩-૧) લલીતાબેન તે રણછોડભાઇ પરસોત્તમભાઇની વિધવા, (૩-૨) રંજનબેન રણછોડભાઇ, (૩-૩) તારાબેન રણછોડભાઇ, (૩-૪) ઉષાબેન રણછોડભાઇ, (૩-૫) ભીખુભાઇ રણછોડભાઇ, (૩-૬) દિપકભાઇ રણછોડભાઇ પણ તા. ૧૮/૨/૧૯૯૨ નાં રોજ ગુજરી ગયેલા. જેના સીધીલીટીનાં વારસદારોમાં (૩-૬-૧) લલીતાબેન તે દિપકભાઇ રણછોડભાઇની વિધવા પોતે સગીર ભાવેશ દિપકભાઇનાં વાલી, (૩-૭) મહેન્દ્રભાઇ રણછોડભાઇ તથા (૪) સોમાભાઇ પરસોત્તમભાઇનાઓ હતા. અને તે તમામ વારસદારોએ આપેલ જવાબ તથા સંમતિજવાબનાં આધારે વારસાઇ હકકે (૧) ગોવિંદભાઇ પરસોત્તમભાઇ, (૨) મણીબેન તે નગીનભાઇ પરસોત્તમભાઇની વિધવા, (૩) લલીતાબેન તે રણછોડભાઇ પરસોત્તમભાઇની વિધવા તથા (૪) સોમાભાઇ પરસોત્તમભાઇનાં નામો સામાયીક હકકે ગામ દફતરે દાખલ કરવામાં આવેલાં. જે અંગેની નોંધ મોજે ગામ-ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં નોંધ નં. ૮૭૪ થી તા. ૧/૬/૨૦૦૧ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીન ગામ દફતરે બીજા હકકમાં ટુકડો ચાલી આવેલ હતો, જે અંગે સદરહુ જમીનનાં માલીકોએ તા. ૨૨/૨/૨૦૦૨ નાં રોજ આપેલ જવાબ, પંચનામાનાં આધારે સદરહુ જમીનમાં કુવા

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

Kavadi
R.P. Patel
Amita · Kevadiya

№ 17465

દ્વારા પાણીનો ઉપયોગ કરી શાકભાજીનાં પાકો વર્ષોથી લેવામાં આવતા હોવાથી ગામ દફતરે ટુકડાની નોંધ કમી કરવામાં આવેલી. જે અંગેની નોંધ મોજે ગામ-ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ** નં. ૯૦૮ થી તા. ૨૫/૨/૨૦૦૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો (૧) ગોવિંદભાઇ પરસોત્તમભાઇ, (૨) મણીબેન તે નગીનભાઇ પરસોત્તમભાઇની વિધવા, (૩) લલીતાબેન તે રણછોડભાઇ પરસોત્તમભાઇની વિધવા તથા (૪) સોમાભાઇ પરસોત્તમભાઇના કનેથી સદરહુ જમીન રમેશભાઇ ભીમજીભાઇ સાવલીયા, રહે : ૪૩-૪૪, લાલજીનગર, સરદારબ્રીજ પાસે, અડાજણ, સુરતનાંએ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનુ. નં. ૨૮૫૮ તા. ૧૭/૬/૨૦૦૨ નાં રોજ નોંધાયેલ છે. જે રજી.વેચાણ દસ્તાવેજની નોંધ મોજે : ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં.** ૯૨૯ થી તા. ૪/૭/૨૦૦૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ મહે. ગુજરાત સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક : ૫૬૨/૨૬૯૭૨૫૯૦/૯, તા. ૧૫/૧૦/૧૯૯૭ નાં ગેઝેટમાં પ્રસિધ્ધથી થયા મુજબ સુરત મહાનગરપાલિકામાં આવેલ વોર્ડ નં. ૧ થી ૧૨ થતા શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ થતા કુલ ૩૩ ગામોને નવા સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલો.જે અંગેની નોંધ મોજે ગામ-ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૯૬૦** થી તા. ૨૦/૩/૨૦૦૩ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક રમેશભાઇ ભીમજીભાઇ સાવલીયા, રહે : ૪૩-૪૪, લાલજીનગર, સરદારબ્રીજ પાસે, અડાજણ, સુરતનાં કનેથી પ્રવિણભાઇ નાગજીભાઇ કાકડીયા વિગેરેનાએ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનુ. નં. ૯૧૭૦, તા. ૯/૯/૨૦૦૫ નાં રોજ નોંધાયેલ છે. જે રજી.વેચાણ દસ્તાવેજની નોંધ મોજે : ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૧૧૦** થી તા. ૨૩/૩/૨૦૦૬ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૫૧ (ડભોલી) નાં ઓરીજનલ પ્લોટ નં. ૮૨ નાં ફા.પ્લોટ નં.૮૨ મુજબ સુમારે ૧૬૨૪ સ.ચો.મી. ક્ષેત્રફળ ફાળવવામાં આવેલ છે. અને ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક પ્રવિણભાઇ નાગજીભાઇ કાકડીયા વિગેરેનાને સદરહુ જમીન વિકાસ કરવા માટે કાર્યપાલક ઇજનેર (કતારગામ ઝોન) સુરત મહાનગરપાલિકાનાં પત્ર નં. નોર્થ ઝોન/આઉટ/નં. ૩૯૨૩, તા. ૬/૯/૨૦૦૭ થી સદરહુ જમીન અંગે રહેણાંક તથા વાણિજયનાં હેતુ માટેની મંજુરી આપવામાં આવેલી. ત્યારબાદ મહે. સુરતનાં કલેકટર સાહેબ સુરતનાં હુકમ ક્રમાંક : (જે) બખ/તગસ/રજી.નં. ૭૩૦/૦૮-૦૯ થી

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

X Kavaadi

R.P Patel

X Amita-Kevadiya

તા.૧૭/૧૧/૨૦૦૮ નાં રોજ બીનખેતીની કાયદેસરની પરવાનગી આપેલી. ત્યારબાદ સદરહુ જમીન અંગે કાર્યપાલક ઇજનેર (કતારગામ ઝોન) સુરત મહાનગરપાલિકાનાં પત્ર નં. નોર્થ ઝોન/આઉટ/નં. ૪૨, તા. ૧૪/૧૦/૨૦૧૦ થી સદરહુ જમીન અંગે રહેણાંક તથા વાણિજયનાં હેતુ માટેના બાંધકામના પ્લાનો મંજુર કરી, ડેવલોપમેન્ટ પરમીશન આપવામાં આવેલ છે.

ત્યારબાદ, સદરહુ બીનખેતીની જમીનના માલીકો પ્રવિણભાઇ નાગજીભાઇ કાકડીયા વિગેરેનાંએ સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓને યાને (૧) રજનીભાઇ દેવરાજભાઇ પટેલ, (૨) મનીષ કાંતીલાલ શાહ, (૩) હરેશભાઇ ભવાનભાઇ ગોટી, (૪) સમીર ગણેશભાઇ પટેલ, (૫) લક્ષ્મણભાઇ વાલજીભાઇ વસાણીઓને તા. ૨૦/૧૦/૨૦૧૧ ના રોજના વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ આપેલી. જે વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રારશ્રી, સુરત-૪, કતારગામની કચેરીમાં એક નંબરની બુકમાં અનુ. નં. ૧૯૩૬૧ થી તા.૨૧/૧૦/૨૦૧૧ ના રોજ નોંધાયેલ છે. મજકુર વેચાણ દસ્તાવજની રૂએ અમો બીજા પક્ષનાઓના નામો ગામ દફતરે દાખલ થયેલા. જે અંગેની નોંધ મોજે : ડભોલીના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૩૧૧** થી તા. ૧૫/૦૬/૨૦૧૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ બીનખેતીની જમીનના અમો કાયદેસરના માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા.

ત્યારથી સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓની સંયુકત માલીકી, કબજા, વહીવટ, ભોગવટામાં ચાલી આવેલી છે. સબબ, સદરહુ બીનખેતી જમીન અંગે તમામ રીતે વહીવટ, વ્યવસ્થા, સંચાલન વિગેરે કરવાનો હમો બીજા પક્ષનાઓને હકક અને અધિકાર છે જે હકક અને અધિકારની રૂએ નીચે પરીશીષ્ટમાં જણાવેલ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓએ તમો પહેલા પક્ષનાઓને **રૂા. ૨,૪૨,૧૦,૦૦૦/- અંકે રૂપીયા બે કરોડ બેતાલીસ લાખ દસ હજાર પુરાના** વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનુ નકકી કરેલ છે. જે વેચાણ અવેજની રકમ તમો પહેલા પક્ષનાઓએ અમો બીજા પક્ષનાઓને નીચેની વિગતે ચુકતે ચુકવી આપેલ છે.

**-: વેચાણ અવેજ ચુકવ્યાની વિગત :-**

**બીજા પક્ષના નં. ૧ ( રજનીભાઇ) ને ચુકવેલ વેચાણ અવેજની વિગત :**

| બેંકનું નામ | ચેક નંબર | તારીખ | રકમ રૂા. |
|---|---|---|---|
| એકસીસ બેંક | ૦૨૯૯૮૧ | ૨૩/૦૬/૨૦૧૭ | ૪૫,૦૦,૦૦૦/- |
| એજન | ૦૨૯૯૮૭ | ૧૨/૦૭/૨૦૧૭ | ૪૫,૦૦,૦૦૦/- |
| એજન | ૦૨૯૯૮૮ | ૧૩/૦૭/૨૦૧૭ | ૮,૧૭,૨૫૨/- |
| ટી.ડી.એસ. પેટે બીએસઆરકોડ ૦૦૧૧૩૫૨ | ચલણ નં. ૦૯૩૪૫ | ૧૮/૦૭/૨૦૧૭ | ૯૯,૧૬૫/- |
| | | કુલ રૂા. | ૯૯,૧૬,૪૧૭/- |

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૬૨ | ૧૬૨૪ |

X Amita-Kevadiya

R.P. Patel

SRT/4/KTG
No 17466 9/50
2017

બીજા પક્ષના નં. ૨ ( મનીષભાઇ) ને ચુકવેલ વેચાણ અવેજની વિગત :

| બેંકનું નામ | ચેક નંબર | તારીખ | રકમ રૂા. |
|---|---|---|---|
| એક્ષીસ બેંક | ૦૨૯૮૮૬ | ૧૨/૦૭/૨૦૧૭ | ૨૦,૦૦,૦૦૦/- |
| એજન | ૦૨૯૮૮૯ | ૧૩/૦૭/૨૦૧૭ | ૩,૯૪,૩૯૪/- |
| ટી.ડી.એસ. પેટે બીએસઆરકોડ ૦૦૧૩૨૮૩ | ચલણ નં. ૦૯૬૨૦ | ૧૮/૭/૨૦૧૭ | ૨૪,૧૮૫/- |
| | | કુલ રૂા. | ૨૪,૧૮,૫૭૯/- |

બીજા પક્ષના નં. ૩ ( હરેશભાઇ) ને ચુકવેલ વેચાણ અવેજની વિગત :

| બેંકનું નામ | ચેક નંબર | તારીખ | રકમ રૂા. |
|---|---|---|---|
| એક્ષીસ બેંક | ૦૨૯૮૮૫ | ૧૨/૦૭/૨૦૧૭ | ૫૦,૦૦,૦૦૦/- |
| એજન | ૦૨૯૮૯૦ | ૧૩/૦૭/૨૦૧૭ | ૯,૮૭,૧૮૧/- |
| ટી.ડી.એસ. પેટે બીએસઆરકોડ ૦૦૧૩૨૮૩ | ચલણ નં. ૦૯૫૮૭ | ૧૮/૦૭/૨૦૧૭ | ૬૦,૪૭૭/- |
| | | કુલ રૂા. | ૬૦,૪૭,૬૫૮/- |

બીજા પક્ષના નં. ૪ ( સમીરભાઇ) ને ચુકવેલ વેચાણ અવેજની વિગત :

| બેંકનું નામ | ચેક નંબર | તારીખ | રકમ રૂા. |
|---|---|---|---|
| એક્ષીસ બેંક | ૦૨૯૮૮૪ | ૧૨/૦૭/૨૦૧૭ | ૨૫,૦૦,૦૦૦/- |
| એજન | ૦૨૯૮૯૧ | ૧૩/૦૭/૨૦૧૭ | ૮,૭૪,૬૭૮/- |
| ટી.ડી.એસ. પેટે બીએસઆરકોડ ૦૦૦૪૩૨૯ | ચલણ નં. ૧૧૬૫૪ | ૧૮/૦૭/૨૦૧૭ | ૩૪,૦૮૮/- |
| | | કુલ રૂા. | ૩૪,૦૮,૭૬૬/- |

બીજા પક્ષના નં. ૫ ( લક્ષ્મણભાઇ) ને ચુકવેલ વેચાણ અવેજની વિગત :

| બેંકનું નામ | ચેક નંબર | તારીખ | રકમ રૂા. |
|---|---|---|---|
| એક્ષીસ બેંક | ૦૨૯૮૮૩ | ૧૨/૦૭/૨૦૧૭ | ૨૦,૦૦,૦૦૦/- |
| એજન | ૦૨૯૮૯૨ | ૧૩/૦૭/૨૦૧૭ | ૩,૯૪,૩૯૪/- |
| ટી.ડી.એસ. પેટે બીએસઆરકોડ ૦૦૧૩૨૮૩ | ચલણ નં. ૦૯૬૦૩ | ૧૮/૦૭/૨૦૧૭ | ૨૪,૧૮૬/- |
| | | કુલ રૂા. | ૨૪,૧૮,૫૮૦/- |

સબબ, સદરહુ બીનખેતીની જમીનના વેચાણ અવેજની પુરેપુરી રકમ અમો બીજા પક્ષનાઓને ઉપરની વિગતે ચુકતે મળી ગયેલ છે અને તે અંગેની આથી અમો બીજા પક્ષનાઓ કાયદેસરની પાકી પહોંચ સ્વીકારીએ છીએ. આમ, સદરહુ તમારા કિંમતી અવેજના બદલામાં આજરોજ અમો બીજા પક્ષનાઓએ

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

X [illegible]

RP [illegible]

X Amita Kevadiya

SRT/4/KTG
No 17466
10/50
2017

અમારી માલીકીની બીનખેતીની જમીન તમો પહેલા પક્ષનાને માલિક તરીકે અને કબજેદાર તરીકે સુપ્રત કરી દીધેલ છે. તથા સદરહુ બીનખેતીની જમીનનો પ્રત્યક્ષ અને શાંતિભર્યો કબજો સ્થળ ઉપર તમો પહેલા પક્ષનાઓને આજરોજ સુપ્રત કરી દીધેલ છે, જે અમો વેચાણ આપનારે આજદીન બાદ પરત માંગવાનો નથી કે પરત માંગવા હકકદાર રહેતા નથી. આમ, છતા અમો વેચાણ આપનારા તરફથી કે અમારા વંશવાલી, વારસો કે હિસ્સેદારો કે હિત-સબંધ ધરાવતી કોઈપણ વ્યકિતઓ તરફથી ભવિષ્યમાં કબજો પરત મેળવવા અંગે કોઈ તર-તકરાર કરવા-કરાવવામા આવે તો તે આ વેચાણ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી. અને તે અંગેની સંપુર્ણ જવાબદારી અમો બીજા પક્ષનાઓની રહેશે સહી.

સદરહુ બીનખેતીની જમીન અમો વેચાણ આપનારાઓની સંપૂર્ણ માલિકી, કબજા, વહીવટ, ભોગવટામાંથી અને અમો બીજા પક્ષનાઓના માલીકીપણા તથા કબજા, હકકની રૂએ આજરોજ સદરહુ બીનખેતીની જમીન તમો પહેલા પક્ષનાઓને યાવતચંદ્ર દિવાકરોને માટે હરહંમેશ તથા કાયમ માટે ઉપર આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક અને અધિકાર સહિત વેચાણ આપી દીધી છે અને સદરહુ બીનખેતીની જમીનના અમો વેચાણ આપનારાઓ જેવા માલિક, મુખત્યાર અને કબજેદાર હતા એવા જ માલિક, મુખત્યાર અને કબજેદાર તમો પહેલા પક્ષનાઓને બનાવ્યા છે સહી અને તમો પહેલા પક્ષનાઓ થયા છો સહી.

સદરહુ બીનખેતીની જમીન તમો પહેલા પક્ષનાઓને માલિકી હકકે તમારા કાયદેસરના માલિકીપણામાં સુપ્રત કરી દીધી હોય, સદરહુ બીનખેતીની જમીન વેચાણ, ગીરો યા બક્ષીસ કરો-કરાવો, યા તમો પહેલા પક્ષનાઓને યોગ્ય લાગે તે રીતે વ્યવસ્થા, નિકાલ કરવા-કરાવવા તમો પહેલા પક્ષનાઓ હકકદાર છો અને તે અંગે અમો બીજા પક્ષનાઓએ કે અમારા વંશવાલી, વારસોએ કોઈપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની નથી અને કરીએ-કરાવીએ તો તે આથી રદબાતલ થાય સહી. તમોને વેચાણ આપેલ બીનખેતીની જમીન હાલ અમો વેચાણ આપનારાઓના નામે ગ્રામ પંચાયતના દફતરે, સીટી સર્વે દફતરે, સુરત મહાનગર સેવા સદન, તાલુકા પંચાયત દફતરે તેમજ અન્ય સરકારી અર્ધસરકારી દફતરે ચાલે છે અને તે નામ આ વેચાણ દસ્તાવેજની રૂએ કમી કરાવી તમો પહેલા પક્ષનાઓ તમારૂં નામ માલીકી હકકે ગ્રામ પંચાયત દફતરે સીટી સર્વે દફતરે, સુરત મહાનગર સેવા સદન, તેમજ અન્ય સરકારી, અર્ધસરકારી કચેરીઓમાં દાખલ કરાવી શકો સહી. આ દસ્તાવેજની રૂએ પણ અમારી કબુલાત માની લઈ તમો પહેલા પક્ષનાઓ તમારૂ નામ સદરહુ બીનખેતીની જમીનમાં તમોને જરૂર હોય ત્યાં અને યોગ્ય લાગે ત્યાં દાખલ કરી-કરાવી શકો સહી.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

X Amita Kevadiya

R D Patel

X Amita Kevadiya

SRT/4/KTG
No 17466
2017

સદરહુ વેચાણ આપેલ બીનખેતીની જમીન અંગેના આજદીન સુધીના ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતના વેરા, સુરત મહાનગર સેવા-સદન યા અન્ય કોઇપણ મહેસુલ ધારો, વિશેષધારો, વેરાના તેમજ અન્ય કોઇપણ વેરાઓ અમો બીજા પક્ષનાઓએ ભરપાઇ કરી દીધેલ છે અને આજદીન બાદ સદરહુ બીનખેતીની જમીનને લગતા કોઇપણ મહેસુલ, વેરો તેમજ અન્ય કોઇપણ વેરાઓ ભરવાના થાય તો તે તમામ તમો પહેલા પક્ષનાઓએ માલીકી હકકે ભરવાના રહેશે સહી.

સદરહુ બીનખેતીની જમીનમાંથી કોઇપણ વ્યકિતને આજદીન સુધી આવવા જવાના વાહન-વ્યવહાર લાવવા-લઇ જવાના હકકો આપેલા નથી. તેમજ બીનખેતીની જમીનમાંથી કોઇને પણ હવા, ઉજાસ મેળવવાના કે પાણીના નિકાલના હકકો નથી તેમજ તેના ઉપર અન્ય કોઇપણ પ્રકારના ઇઝમેન્ટના હકક, અધિકાર નથી. સદરહુ બીનખેતીની જમીન કોઇના જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી. સદરહુ બીનખેતીની જમીન ઉપર કોઇપણ અદાલતી ટાંચ કે જપ્તીમાં નથી અને તે અંગેની કોઇ કાર્યવાહી હાલ ચાલુ નથી. સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓએ ગીરો મુકેલ નથી તેમજ અન્ય કોઇપણ પ્રકારે તેના ઉપર નાણાંકીય બોજો ઉત્પન્ન કરેલ નથી. તેમજ તે અંગેના કોઇ લેખ પણ કરેલા નથી. સદરહુ બીનખેતીની જમીન અંગે અમો બીજા પક્ષનાઓએ કોઇ વીલ યાને વસીયતનામુ કરેલ નથી અને તે રીતે પણ સદરહુ બીનખેતીની જમીનના કોઇ હકક કોઇને ટ્રાન્સફર થતા નથી કે થયેલા નથી. સદરહુ બીનખેતીની જમીન કોઇપણ પ્રકારની એકવીઝીશન કે રીઝર્વેશનમાં આજદીન સુધી સરકારી કે અર્ધસરકારી સંસ્થા દ્વારા લેવામાં આવેલી નથી અને તે અંગેની કોઇ કાર્યવાહી આજદીન સુધી થઇ નથી કે ચાલુ નથી. તેમજ તે અંગેની કોઇ નોટીસ પણ આજદીન સુધી હમો બીજા પક્ષનાઓને મળેલી નથી. સદરહુ બીનખેતીની જમીન તદ્દન નબોજી, નકર્જી, નજોખમી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલ્સવાળી છે. સદરહુ બીનખેતીની જમીન હમો બીજા પક્ષનાઓએ કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ, કે અન્ય રીતે તબદીલ કરી-કરાવી આપેલ નથી. આમ સદરહુ બીનખેતીની જમીનમાં અમો બીજા પક્ષનાઓ સિવાય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હીસ્સો કે અધિકાર રહેલો નથી તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આજરોજ હમો બીજા પક્ષનાઓ તમો પહેલા પક્ષનાઓને આપીએ છીએ. તેમ છતા હમારા ટાઇટલમાં કોઇ ખામી યા ન્યુનતા જણાય આવે તો તેની સંપૂર્ણ જવાબદારી હમો બીજા પક્ષનાઓની રહેશે.

સદરહુ બીનખેતીની જમીન અંગેના તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, વકીલ ફી, રજીસ્ટ્રેશન ફી, તથા અન્ય કોઇ ખર્ચ આવે તો તે તમામ ભરવાની જવાબદારી તમો પહેલા પક્ષનાઓની છે સહી. સદરહુ બીનખેતીની જમીન અંગે ભવિષ્યમાં સ્ટેમ્પ ડયુટી ભરવાનો પ્રશ્ન આવે તો તે વેચાણ લેનારે પોતે ભરવાના રહેશે તે અંગે બીજા પક્ષનાઓની કોઇ જવાબદારી રહેશે નહી.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

X Amita Kevadiya

SRT/4/KTG
№ 17466 12/56
2017

સદરહુ બીનખેતીની જમીનને લગતા જે કાંઇ અસલ દસ્તાવેજો, મહેસુલી પાવતી, ખેડુત ખાતાવહી તથા એન્ટ્રિની નોંધો અમો બીજા પક્ષનાઓ પાસે હતા, તે તમામ અમો બીજા પક્ષનાઓએ તમો પહેલા પક્ષનાઓને આજરોજ સુપ્રત કર્યા છે. હમો બીજા પક્ષનાઓ પાસે તે સિવાય બીજા કોઈ દસ્તાવેજો કે કાગળો નથી. તેમ છતા પણ નીકળી આવે તો હમો બીજા પક્ષનાઓએ તેનો કોઇ ઉપયોગ કરવાનો નથી, પરંતુ તમો પહેલા પક્ષનાઓને સુપ્રત કરવાના છે.

સદરહુ મોજે : ડભોલીના સ.નં. ૭૦/૪, વાળી ૨૩૨૭ સ.ચો.મી. જમીનને ટી.પી.સ્કીમ નં ૫૧ (ડભોલી) ના ફા. પ્લોટ નં. ૮૨ આપવામાં આવેલ. અને ફા. પ્લોટ મુજબ સુમારે ૧૬૨૪ સ.ચો.મી. ક્ષેત્રફળ ફાળવવામાં આવેલ છે. જેથી ફા. પ્લોટ નં. ૮૨ વાળી જમીનના ક્ષેત્રફળમાં વધારો ઘટાડો થાય તો તે માલીકી હકકે ખરીદનાર યાને પહેલા પક્ષનાને પ્રાપ્ત થાય સહી. તેમજ તેનો સરકારી, અર્ધ-સરકારી રેકર્ડ ઉપર પણ અમલ કરવાનો રહેશે. અને તે અંગે અમો બીજા પક્ષનાઓએ કે અમારા વંશવાલી વારસોએ કોઇ તર-તકરાર કરવા-કરાવવાની નથી અને કરીએ-કરાવીએ તો આથી રદબાતલ થાય સહી. અને આ દસ્તાવેજથી પણ તેવી સહી, સંમતિ અને કબુલાત અમો બીજા પક્ષનાઓની માની લઇ તમો પહેલા પક્ષના સરકારી, અર્ધસરકારી રેકર્ડ તેમજ જરૂર જણાય ત્યાં ફેરફાર કરી-કરાવી શકો સહી.

સદરહુ જમીન અંગે ચાલી આવેલા બોજાઓ અમો બીજા પક્ષનાએ ભરપાઇ કરી દીધેલા છે અને તે અંગેની નોંધ પણ ગામ દફતરેથી કમી કરાવેલ છે. અને તેવા કોઇ બોજા, લોન વિગેરે ભવિષ્યમાં નીકળી આવે તો તે ભરપાઇ કરવાની સંપૂર્ણ જવાબદારી અમો બીજા પક્ષનાની છે. તેમા તમો પહેલા પક્ષનાઓની કોઇ જવાબદારી નથી.

સદરહુ જમીનના વેચાણ અવેજની રકમ **રૂા. ૨,૪૨,૧૦,૦૦૦/-** પુરા નકકી કરેલ છે. જેના ઉપર કાયદેસરનો સ્ટેમ્પ **રૂા.૧૧,૮૬,૩૦૦/-** વાપરેલ છે.

## ¤ <u>પરિશિષ્ટ</u> ¤

### -:: <u>વેચાણ આપેલ બીનખેતીની જમીનની વિગત તથા વર્ણન</u> ::-

સુરત જીલ્લાના, કતારગામ તાલુકાના મોજે **ગામ: ડભોલીના રે.સ.નં. ૭૦/૪** વાળી જુની શરતની સુમારે **૨૩૨૭ ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી જમીન. જેને લાગું **ટી.પી. સ્કીમ નં. ૫૧ (ડભોલી)** ના **ઓ.પી. નં. ૮૨ ફા. પ્લોટ નં. ૮૨** વાળી સુમારે **૧૬૨૪ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની ખુલ્લી જમીન. જેને લાગતા વળગતા અંદરના તથા બહારના તેમજ આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક, અધિકાર સહિતની બીનખેતીની જમીન દરોબસ્ત.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનુ નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

X [signature]

RP Patel

X Amita-Kevadiya

SRT/4/KTG
№ 17456 13/80
2017

<u>જેની ફા.પ્લોટ મુજબની ચર્તુરદિશા નીચે મુજબ છે.</u>

ઉત્તરે : લાગુ ૨૪.૦૦ મીટર પહોળો ટી.પી. રોડ.

દક્ષિણે : લાગુ ફા.પ્લોટ નં. ૮૧ વાળી જમીન.

પુર્વે : લાગુ ૨૪.૦૦ મીટર પહોળો ટી.પી. રોડ.

પશ્ચિમે : લાગુ ફા.પ્લોટ નં. ૮૦ વાળી જમીન.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષનાઓએ આજરોજ અમારી રાજીખુશીથી અને સ્વેચ્છાએ તનમનની સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સમજી, સાંભળી, વિચારી, કોઇના કોઇપણ પ્રકારના દાબ-દબાણ કે ધાક ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે, જે અમોને પોતાને તથા અમારા વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે.........................................મતુ

તત્રે.............................................શાખ

R P Patel
(રજનીભાઇ દેવરાજભાઇ પટેલ)

(મનીષ કાંતીલાલ શાહ)

(હરેશભાઇ ભવાનભાઇ ગોટી)

(સમીર ગણેશભાઇ પટેલ)

(લક્ષ્મણભાઇ વાલજીભાઇ વસાણી)

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | રે.સ. નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | ડભોલી | ૭૦/૪ | ૫૧ | ૮૨ | ૧૬૨૪ |

X Kevadia

X Amita Kevadiya